ગાંધીનગર આર.ટી.ઓ. ઓફિસ ખાતે સિનિયર મોટર વ્હીકલ ઈન્સ્પેક શ્રી ડી. એચ. બ્રહ્મભટ્ટ નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયોહતો. કર્મચારીઓ તથા આર.ટી.ઓ. એજન્ટોને શ્રી બ્રહ્મભટ્ટ સાહેબની સેવાઓને બિરદાવી હતી અને શુભેચ્છા પાઠવી હતી. (તસવીર : દિપક જાની)

ચેક પરત ફરતા કેસમાં આરોપીને ૧૫.૧૦ લાખનો દંડ : એક વર્ષની કેદ

લગ્નપ્રસંગનું દેવુ ભરપાઈ કરવા નાણાં ઉછીના લીધા હતા

ગાંધીનગર, તા. ૧

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા ઉપરાંત રૂ. ૧૫.૧૦ લાખનો દંડ ભરવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના શાહપુર ગામમાં રહેતા સુરેખાબેન નવીનચંદ્ર પટેલના સંબંધી પ્રાંતિજ જિલ્લાના રહેવાસી વિષ્ણુભાઈ પ્રભુદાસ પટેલને પુત્રીઓના લગ્નપ્રસંગે દેવુ થઈ જતા નાણાંની જરૂરિયાત ઉભી થઈ હતી. સંબંધી હોવાના નાતે સુરેખાબેને વિષ્ણુભાઈને રૂ. ૧૫ લાખ રોકડા આપ્યા હતા. ઉછીની લીધેલી આ રોકડ રકમ સામે આરોપીએ પ્રોમિસરી નોટ લખી આપી, આ રકમ એક વર્ષમાં ચુકવી આપવાનો વિશ્વાસ આપ્યો હતો. જ્યારે નિયત સમયના અંતે ફરિયાદીએ આરોપી પાસે નાણાંની માંગણી કરતા આરોપીએ ગત તા. ૬ માર્ચ વર્ષ-૨૦૧૨ના રોજ ધી મહેસાણા અર્બન કો. ઓ. બેન્ક લી. હિંમતનગર બ્રાન્ચનો ચેક લખી આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા એકાઉન્ટ ક્લોઝના શેરા સાથે ચેક પરત થયો હતો. ત્યારબાદ આરોપીએ વકીલ મારફતે નોટીસ મોકલાવી હતી. આમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવી ન હતી. આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રીમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ૮માં એડીશનલ સિનિયર સિવિલ કોર્ટમાં ચાલી જતાં ફરિયાદી તરફના વકીલ તરીકે ભરત વી. પંડ્યા તેમજ જગદીશસિંહ એમ. વાઘેલાએ દલીલો કરી હતી. જે દલીલોને ખાતે લઈ જજ વિ.એ. બુદ્ધએ આરોપીને કસુરવાર કરાવી આ ગુના બદલ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે જ્યારે આરોપીને દંડ પેટે રૂ. ૧૫,૧૦,૦૦૦ ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે. દંડ પૈકીની રકમમાંથી ચેકની રકમનું વળતર ફરિયાદને આપવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

શહેરમાં સામાન્ય પ્રજાના તો ઠીક પોલીસના બાઈક પણ સલામત નથી

કોર્ટમાં ડ્યુટી બજાવતા કોન્સ્ટેબલનું પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ ગયું..!!

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં ઘરફોડ ચોરીના બનાવોની સાથોસાથ વાહનચોરીના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. હવે સામાન્ય પ્રજાના તો ઠીક પરંતુ પોલીસના વાહનો પણ સલામત રહ્યા નથી. કોર્ટ સંકુલમાં ફરજ બજાવી રહેલા પોલીસ કોન્સ્ટેબલે પોતાનું બાઈક સંકુલમાં પાર્ક કર્યું હતું અને ડ્યુટી પુરી કરીને સાંજે પાર્કિંગ પાસે ગયા ત્યાં સુધીમાં તેમના બાઈકની ઉઠાંતરી કરી કોઈ વાહનચોર ફરાર થઈ ગયો હતો. સે. ૭ પોલીસે બાઈકચોરીનો ગુનો દાખલ કરી આ અંગે તપાસ આરંભી છે.

જિલ્લાનાં બાસણ ગામમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલ ભલાભાઈ દેસાઈ ગાંધીનગર કોર્ટ સંકુલમાં ફરજ બજાવે છે. ૨૯ જાન્યુઆરીના રોજ તેમણે પોતાનું પેશન પ્લસ બાઈક નં. જીજે-૧૮-એ.ઈ.૪૫૪ કોર્ટના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું અને ફરજ બજાવવા કોર્ટમાં ગયા હતાં. ડ્યુટી પતાવીને તેઓ કોર્ટ સંકુલના પાર્કિંગ પાસે પોતાનું બાઈક લેવા ગયા તો ત્યાંથી બાઈક ગાયબ હતું. બપોરના અરસામાં કોઈ વાહનચોર શખ્સ પોલીસના વાહનને જ ઉઠાવીને સરકી ગયો હતો. પોલીસ કોન્સ્ટેબલે આસપાસનાં વિસ્તારોમાં પણ તપાસ કરાવી પરંતુ ક્યાંયથી તેનું બાઈક મળી ન આવતા સે. ૭ પોલીસમથકે પોતાના બાઈક ચોરીની ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી બાઈકચોરને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

સુઘડ કેનાલમાં ઝંપલાવી અમીયાપુરના યુવાનનો આપઘાત

માનસિક અસ્થિરતાને કારણે આપઘાત કર્યો હોવાનું તારણ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-ઈન્દિરાબ્રિજ હાઈવે પર સ્થિત સુઘડ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં અમીયાપુર ગામના ૨૩ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે અડાલજ પોલીસને જાણ થતા જમાદાર હસમુખભાઈ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે મોકલીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આપઘાત કરવા પાચળનું ચોકકસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી પરંતુ પ્રાથમિક તપાસમાં યુવાનની માનસિક સ્થિતિ નબળી હોવાને કારણે આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર નજીકના અમીયાપુર ગામમાં રહેતા ૨૩ વર્ષીય યુવાન જુહાજી રણછોડજી ઠાકોરનો મૃતદેહ આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં સુઘડ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. અમીયાપુર ગામના મહેન્દ્રસિંહ ઠાકોરે પોલીસને આ અંગે જાણ કરતાં અડાલજ પોલિસ મથકના જમાદાર હસમુખભાઈ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અને કેનાલમાં તરતા મૃતદેહને બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. મળતી માહિતી મુજબ અમીયાપુર ગામના મૃતક યુવાન જુહાજી ઠાકોર માનસિક અસ્થિર હાલતમાં હતા તે જ કારણોસર તેમણે કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું પોલિસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અકસ્માત મોતનો ગુનો નોંધી પોલીસે ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

પેથાપુર કસ્બા વિસ્તાર અને પાંજરાપોળમાં ગંદકીનો ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૭ના કસ્બા વિસ્તાર, દલિત વિસ્તાર, પાંજરાપોળ અને રામજી મંદિર વગરે વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ગંદકીનો ઉપદ્રવ થતા સ્થાનિક વસાહતીઓ ખૂબ હાલાકી ભોગવી રહ્યા છે એમ લઘુમતિ મોરચાના મંત્રી મો. ઈસ્માઈલ પઠાણે જણાવ્યું છે.

પેથાપુર નગરપાલિકાના વોર્ડ નંબર-૭ના કસ્બા વિસ્તારમાં, દલીત વાસ, પાંજરાપોળ અને રામજી મંદિર વગેરે વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી નિયમિત સાફ સફાઈ થતી નથી. કચરા પેટીની સુવિધા ન હોવાથી અહીંના લોકો કચરો રસ્તા પર ફેંકે છે. કચરાના ઢગ થવાથી રહેણાંક વિસ્તારમાં ખુબ જ ગંદકી વધી છે. જેથી ખૂબ જ દુર્ગંધ ફેલાય છે. અન્ય વિસ્તારોમાં કચરાપેટીની લારીઓ આવે છે, ઘરે-ઘરેથી કચરો ભરવામાં આવે છે અને જાહેર રસ્તાઓની સફાઈ પણ થાય છે. જ્યારે આ વિસ્તારમાં પ્રમુખની નિમણૂંક થયેલી હોવા છતાં અહીં ગંદકીની સફાઈ, કચરાની સફાઈ નિયમિત થતી નથી તેવું વસાહતિઓનું કહેવું છે. નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં પૂરના સફાઈ કામદારો ઉપલબ્ધ કરવામાં આવતા નથી તથા જરૂરી પગલા લેવામાં આવતા નથી જેથી સ્થાનિકજનો નારાજ છે.

ડેપો સંકુલમાં ધુમ્રપાન કરતા ૨૦ મુસાફરો પાસેથી દંડ વસુલાયો

છાનાખૂણે પાન-મસાલાનું વેચાણ અટકાવવા તપાસ કરાશે

ગાંધીનગર, તા. ૧

શહેરના એસ.ટી. ડેપો સંકુલમાં ધુમ્રપાન નિષેધના અભિગમ સાથે ગત મહિના દરમિયાન ૨૦ વ્યક્તિઓ પાસેથી દંડ વસુલાયો છે. જ્યારે ડેપો સંકુલમાં છાનાખૂણે થતુ પાન-મસાલાનું વેચાણ અટકાવવા ડેપો તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે તેમ પણ જણાવાયું છે.

એસ.ટી. ડેપોમાં સિગારેટ ફૂંકતા અને પાન-મસાલા ખાઈ જ્યાં ત્યાં ગંદકી કરતા મુસાફરો પાસેથી ડેપો દ્વારા દંડ વસુલીના પગલા હાથ ધરવામાં આવે છે. ડેપો તંત્રના સ્ટાફ દ્વારા આવા મુસાફરો પાસેથી દંડપેટે રૂ. ૨૦ વસુલવામાં આવે છે. ગત મહિના દરમિયાન પણ ડેપો સંકુલમાં ધુમ્રપાન કરતા ૨૦ મુસાફરો પાસેથી દંડની વસુલાત કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. બીજીતરફ ડેપો સંકુલમાં જ છાનાખૂણે પાન-મસાલાનું વેચાણ થતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈ એસ.ટી. ડેપોમાં ધુમ્રપાન નિષેધના અભિગમને વધુ મજબૂત બનાવવા પાન-મસાલાનુંવેચાણ અટકાવવા તપાસ હાથ ધરવામાં આવશે. એસ.ટી. ડેપોમાં જ પાન-મસાલા વેચાતા હોવાનો સૂર ઉઠતા ડેપો મેનેજરે પણ આ મામલે છાના ખૂણે વેચાણ થતુ હશે તો બંધ કરાવી દેવા યોગ્ય તપાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ગાંધીનગર તાલુકા અને માણસામાં પ્રતિબંધાત્મક આદેશ જારી કરાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી- ૨૦૧૩, ફેબ્રુઆરી-૨૦૧૩ યોજાનાર છે. આ ચૂંટણીઓની -ક્રિયા પૂરી કરવાની છેલ્લી તા. ૧૯/૦૨/૧૩ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના સમગ્ર મહેસુલી હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતાં ગ્રામ્ય વિસ્તાર તથા માણસા નગરપાલિકાના શહેરી વિસ્તારમાં અનુક્રમે તા. ૧૦/૦૨/૨૦૧૩ અને તા. ૧૭/૦૨/૨૦૧૩ના રોજ યોજાનાર છે. ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક -ચાર કરવા ઉપર -તિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

તા. ૧૦/૦૨/૨૦૧૩ તથા ૧૭/૦૨/૨૦૧૩ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા -તિબંધ ફરમાવવામાં આવે છે. (૧) મત માટે -ચાર કરવો. (૨) મતદારોને ધાક- ધમકી આપીને કે રંજાડીને મતદાન કરતા જવા અટકાવવા. (૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી. (૪) અમુક ઉમેદવારોને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા. (૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા. (૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની -દર્શિત કરવી. (૭) સેલ્યુલર/ મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યહવારના સાધનો લઈ જવાની. (૮) વાહનો સાથે આવવું. (૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર-ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ -વેશ કરવો.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે: કાયદો અને વ્યવસ્થાના ઈનચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ -માણે ભારતના ચૂંટણી પંચે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીઓ/ કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ સમગ્ર ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના સમગ્ર મહેસુલી હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતાં ગ્રામ્ય વિસ્તાર તથા માણસા નગરપાલિકાના શહેરી વિસ્તારને લાગુ પડશે. ફરમાનનો અમલ ૨૯/૦૧/૧૩ થી મતદાનની -ક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

માર્ગ અકસ્માતો નિયંત્રીત કરવા ૨૩ અકસ્માત ઝોન પર પોલીસ મુકાશે

ગાંધીનગર, તા. ૧

જિલ્લામાં માર્ગ અકસ્માતોના વધી રહેલા બનાવોને ધ્યાને રાખીને અકસ્માતોના પ્રમાણમાં નિયંત્રણ લાવવા હવે ૨૩ અકસ્માત ઝોન તથા તમામ ક્રોસ રોડ પર ટ્રાફીક પોલીસ, ટ્રાફીક બ્રીગેડ તથા હોમગાર્ડને તૈનાત કરવામાં આવશે. માર્ગો પર ગતિ મર્યાદાનું ઉલ્લંઘન કરતાં તથા અન્ય ટ્રાફીકના નિયમોને પાળ્યા વિના વાહન ચલાવતા ચાલકોને સ્થળ પર દંડ વસુલાત કામગીરી કરવામાં આવશે અને જરૂર જણાશે તો વાહન ડીટેઈન પણ કરી લેવામાં આવશે.

જિલ્લાભરમાં અકસ્માતોના પ્રમાણમાં વધારો થવાની સાથોસાથ અકસ્માતમાં મૃત્યુ થવાના કિસ્સાઓ પણ તે જ ગતિએ વધી રહ્યા છે. શહેર તથા જિલ્લાના માર્ગો પર બેફામ ગતિએ ફરતા વાહનચાલકોને કારણે અકસ્માતના બનાવો વધતા ગતિ મર્યાદાના નિયમનું ચુસ્તપણે પાલન કરાવવા ટ્રાફીક પોલીસ સક્રીય બની છે. અકસ્માતના બનાવોને નિયંત્રીત કરવા ટ્રાફીક પોલીસ દ્વારા ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં અકસ્માત ઝોન જાહેર કરેલા ૨૩ સ્થળોએ ટ્રાફીક પોલીસને મુકવામાં આવશે. જે પોલીસ ગતિમર્યાદાના નિયમને તોડીને જતા વાહનચાલકોને પકડી-પકડીને તેમની પાસેથી દંડ વસુલશે તે ઉપરાંત જો જરૂર જણાશે તો તેમના વાહનને ડીટેઈન પણ કરી લેવામાં આવશે. તે ઉપરાંત ગાંધીનગરના ક્રોસ રોડ પર અકસ્માત સૌથી વધુ થતાં હોવાના સર્વેને ધ્યાને રાખી તમામ ક્રોસરોડ પર ટ્રાફીકબ્રીગેડના જવાનો તથા હોમગાર્ડને મુકવામાં આવશે અને ટ્રાફીક નિયમન કરાવવામાં આવશે.

મુખ્ય સચિવપદે નિમાયેલા ડૉ. વરેશ સિન્હાને નાણાં વિભાગ દ્વારા ભાવભીની વિદાય

ગાંધીનગર, તા. ૧

નાણાં વિભાગના કર્મયોગીઓ દ્વારા નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. વરેશ સિન્હા મુખ્ય સચિવ પદે નિમાતા તેમને વિદાય આપવાનો અને નાણાં વિભાગમાં અગ્ર સચિવ પદે નિમાયેલા ડૉ. હસમુખ અઢિયાને આવકારવાનો અવસર નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

અધિકારી અને કર્મચારીગણ તરફથી આપવામાં આવેલા ભાવસભર વિદાય સમારોહના પ્રતિભાવમાં મુખ્ય સચિવશ્રી ડૉ. વરેશ સિન્હાએ રાજ્યના કર્મયોગીઓ રાજ્યની ભલાઈ માટે ફરજનિષ્ઠ છે, કર્મયોગીઓને છેવાડાની માનવી માટે સંવેદનાપૂર્વક કાર્ય કરવાની શીખ આપતા જણાવ્યું હતું કે, નાણાં વિભાગની ફરજ દરમિયાન મારો કાર્યકાલ સંતોષપ્રદ રહ્યો છે. ઈ-સર્વિસબુક પ્રોજેક્ટ અને ઈ-પેમેન્ટ માટેના પ્રોજેક્ટનો ઉલ્લેખ કરીને ડૉ. વરેશ સિન્હાએ કહ્યું કે, નાણાં વિભાગ રાજ્યના હૃદયસમો વિભાગ છે ત્યારે પ્રત્યેક કર્મચારી પોતાની જવાબદારી સમજીને પોતાની ફરજો બજાવે.

નવનિયુક્ત અગ્ર સચિવશ્રી ડૉ. હસમુખ અઢિયાના સઘન પ્રયાસોથી કર્મયોગી તાલીમ અને શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા લાવવાના સિમાચિન્હરૂપ કાર્યોની ડૉ. સિન્હાએ પ્રસંશા કરીને નાણાં વિભાગ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અને નાણાં વિભાગનો હવાલો સંભાળી રહેલા ડૉ. હસમુખ અઢિયાએ જણાવ્યું હતું કે, ડૉ. વરેશ સિન્હાએ વહીવટી ક્ષેત્રમાં નૂતન નિર્ણયો અને ઝડપી નિર્ણયો કરીને નવી જ પહેલ પાડી છે. ઈ-ગ્રામ યોજના, કૌશલ્યવર્ધન કેન્દ્રો જેવા ઉદાહરણો ડૉ. વરેશ સિન્હાની દૂરંદેશીનું પરિણામ હોવાનું જણાવ્યું હતું.

કર્મચારીગણની શિસ્ત તથા કચેરી સમય દરમિયાનની હાજરીને મહત્વની ગણાવી ડૉ. હસમુખ અઢિયાએ કર્મયોગી ઓફ ધ ઈયર જેવા પ્રોત્સાહક કાર્યોથી કર્મચારીઓને બિરદાવવા તથા બીજાને પ્રેરણા આપવાના કાર્યની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે અગ્ર સચિવ (ખર્ચ) શ્રી એલ. ચુવાંગો, સચિવ શ્રીમતી એસ. અર્ણણા, અધિક સચિવ (બજેટ) શ્રી સંજીવકુમાર, વાણિજ્ય વેરા કમિશનર શ્રી એચ.વી. પટેલ, અધિક કમિશનર શ્રીમતી મમતા વર્મા સહિત નાણાં વિભાગના વરિષ્ઠ અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૨૮

તાપમાન

મહત્તમ : ૩૧.૪ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપમ્ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
ડેવિડ : ૧૨.૩૦, ૬.૩૦
રેસ -૨ : ૩.૪૫, ૧૦.૦૦ ● ઈન્કાર : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ડેવિડ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
દિવાના મેં દિવાના : ૧૨.૪૫
મેં : ૫.૪૫ ● રેસ- ૨ : ૭.૩૦
: સ્ક્રીન-૪ :
વિશ્વરૂપમ્ : ૩.૩૦
મેં : ૫.૪૫ ● ડેવિડ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૦૦
સમજદી (ગુજરાતી) : ૨.૪૫, ૫.૦૦
: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ડેવિડ :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

તુ મારો કોણ લાગે (ગુજરાતી) : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિશ્વરૂપમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડેવિડ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

સિરાગ, કલોલ

વિશ્વરૂપમ્ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- જગમુક્તેશ્વર ફાઉન્ડેશન દ્વારા સ્વ. જગદીશચંદ્ર આચાર્યની સ્મૃતિમાં સાંજે ૭.૦૦ કલાકે, મધુર સંગીતનો કાયક્રમ યોજાશે.

ધાર્મિક

- ધ્યાનયોગી કલ્યાણ કેન્દ્ર સંસ્થાન દ્વારા પ.પૂ. આનંદીમાના સાનિધ્યમાં સેકટર-૧૨માં આવેલ બલરામ મંદિર ખાતે સાંજે ૪.૦૦ કલાકે ધ્યાન યોગ શિબિર યોજાશે.

આપની આજ

મેષ : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવુંપડશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

વૃષભ : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે.

મિથુન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

કર્ક : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. મિત્રોનો સહયોગ મળશે.

સિંહ : વ્યાપારક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

કન્યા : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

તુલા : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય.

વૃશ્ચિક : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

ધન : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

મકર : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.જીવનસાથીથી આર્થિક વિષયે વિવાદ થશે.

કુંભ : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

મીન : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

ચિરવિદાય

- સ્વ. ભુપેન્દ્રભાઈ મથુરદાસ પટેલ (ઉ.વ. ૪૫) પ્લોટ નં. ૧૫૪/૧, પ્રવેશ એપાર્ટમેન્ટ, કિસાનનગર, સેકટર- ૨૬, ગાંધીનગર.
- સ્વ. મિત્રત પ્રદિપ શ્રીવાસ્તવ (ઉ.વ. ૫૦) પ્લોટ નં. સી-૪, ગ્રીનસીટી, સેકટર- ૨૬ ગાંધીનગર.
- સ્વ.મોતીબેન ડાહ્યાભાઈ વાળંદ (ઉ.વ. ૮૪) પ્લોટ નં. ૧૪૯, આનંદનગર, સેકટર- ૨૭ ગાંધીનગર.
- સ્વ. ભરતભાઈ બ્રહ્માનંદ સાધુ (ઉ.વ. ૪૪) મુ.પો. ગિયોડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગોપાલભાઈ ખુશાલભાઈ મકવાણા (ઉ.વ. ૭૮)બ્લોક નં. ૬/૨, છ-ટાઈપ, સેકટર- ૧૬ ગાંધીનગર.
- સ્વ. કુંજાભાઈ હીરાભાઈ રાઠોડ (ઉ.વ. ૮૦) મુ.પો. હાલીસા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. ધનીબેન મગનભાઈ મકવાણા (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૯૯૮/૨, સેકટર-૭/સી, ગાંધીનગર.